**રાજ્યમાં વધુ ૧૦૫૭ નવા કેસ : અમદાવાદમાં ૨૬૪ : ગાંધીનગરમાં ૦૬**

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૭ ૧૭ મે, ૨૦૨૦, રવિવાર; વૈશાખ વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં કોરોનાનો હાહાકાર : નવા ૧૦૫૭ કેસ

**હવે રાજ્યમાં કુલ કેસની સંખ્યા ૧૦૯૮૯ પર પહોંચી : ૬૦૫૬ એક્ટિવ કેસ : ૬૨૫ મૃત્યુ : ૪૩૦૮ ડીસ્ચાર્જ : છેલ્લા સપ્તાહમાં સુપર સ્પ્રેડર ૬૫૮૭ના સેમ્પલમાંથી ૭૦૯ પોઝિટિવ થતાં કુલ સંખ્યા ૧૦૫૭ આજના કેસ**

ગાંધીનગર, તા.૧૬

રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૧૦૯૮૯ પહોંચતા ભારે ચિંતાની લાગણી પ્રસરી હતી. ગુજરાતમાં છેલ્લા ૫૬ દિવસથી કોરોના કેસોમાં અવિરત થતો રહ્યો છે. જેમાં છેલ્લા પાંચ દિવસમાં એક હજારથી વધુ કેસ વધી જતા ભારે ઉચાટ પ્રસર્યો હતો. ખાસ કરીને છેલ્લા સપ્તાહમાં અમદાવાદના ૩૩૫૦૦ સુપર સ્પ્રેડર્સની ચકાસણી કરાઈ હતી જેમાંથી ૬૫૮૭ના સેમ્પલ લેવાયા હતા. જેમના ટેસ્ટ કરવામાં આવતા ૭૦૯ પોઝિટિવ જણાયા હતા. આ ૭૦૯ પોઝિટિવ કેસનો આજના ૩૪૮માં સમાવેશ કરાતા આજના કેસનો આંકડો છેલ્લા ચાર દિવસના કેસ જેટલો એક જ દિવસમાં થયો. આ આંકડાને લઈને ભારે ચર્ચા પણ જાગી છે. જોકે આરોગ્ય વિભાગની અધિકૃત યાદીમાં ૭૦૯ પોઝિટિવ કેસોનો ઉલ્લેખ કરાયો છે.

રાજ્યમાં અત્યાર સુધી ૧૩૮૪૦૭ ટેસ્ટ કરાયા હતા જેમાં ૧૦૯૮૯ પોઝિટિવ અને ૧૨૭૪૧૮ નેગેટિવ જણાયા હતા. ટેસ્ટના આંકડાને મામલે પણ રાજકીય વિવાદ દિવસભર ચાલ્યો હતો. કોંગ્રેસના અહેમદ પટેલના ટ્વિટર પર તેમણે ટેસ્ટીંગનું પ્રમાણ ઓછું હોવાનું જણાવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આંકડા ફરીથી ચકાસવા ટ્વિટર કર્યું હતું. જોકે ટ્વિટર યુદ્ધ સામસામે આક્ષેપબાજીમાં પરિણમ્યું હતું. દર ૧૦ લાખે ૧૩૦૦ ટેસ્ટ થતાં હોવાનું સત્તાવાર સૂત્રોનું કહેવું છે. જ્યારે સામે પક્ષે એવો આરોપ કરાય છે કે, અમદાવાદ સીવાય રાજ્યના બીજા વિસ્તારોમાં ટેસ્ટીંગનું પ્રમાણ નહિવત છે. જેના કારણે કોરોનાને કંટ્રોલ કરવામાં રાજ્ય સરકાર અટવાઈ રહી છે.

# ઘરે પહોંચવાની ઈચ્છા અધૂરી: ૩૦ શ્રમિકોના અકાળે મોત



**લોકડાઉનથી ત્રાસીને લાચાર-બેબસ શ્રમિકો રસ્તામાં જ કાળ કોળિયો બન્યા : ઉત્તરપ્રદેશના ઔરૈયામાં ભીષણ રોડ અકસ્માતમાં ૨૪ મજૂરોના કમકમાટીભર્યા મોત, ૩૬ ઘાયલ : આ તમામ મજૂરો ફરીદાબાદથી ટ્રકમાં સવાર થઇને પોતાના વતન ગોરખપુર જવા નીકળ્યા હતા : ઔરૈયાની ઘટનામાં જે લોકો ચા પીવા નીચે ઉતર્યા તેઓ બચી ગયા : મધ્યપ્રદેશમાં પણ માર્ગ અકસ્માતમાં ૫ શ્રમિકોના મોતથી ચકચાર**

ન્યુ દિલ્હી,તા.૧૬

સમગ્ર દેશમાં હાલમાં વૈશ્વિક મહામારી કોરોના વાયરસના સંક્રમણને ફેલાતું અટકાવવા માટે લૉકડાઉન ચાલી રહ્યું છે. લોકડાઉન-૩ની મુદતમાં વધારો કરીને આવતીકાલ ૧૮મીથી લોકડાઉન-૪ શરૂ થાય તે પહેલાં આજે યુપીના ઓરૈયામાં બનેલી એક દર્દનાક અને કમકમાટીભરી ઘટનામાં બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા ફરીદાબાદથી પોતાના વતન જઈ રહેલા શ્રમિકો પૈકી ૨૪ શ્રમિકો સ્થળ પર જ માર્યા ગયા હતા. તો મધ્યપ્રદેશમાં પણ આજે જ બનેલા એક અન્ય અકસ્માતમાં ૫ શ્રમિકો માર્યા ગયા હતા. આમ આજે એક જ દિવસમાં ૩૦ કરતાં વધારે લાચાર અને બેબસ શ્રમિકો માર્યા ગયા હતા. ઓરૈયા અને મધ્યપ્રદેશની ઘટનામાં ભોગ બનેલા આ કમભાગી શ્રમિકો ટ્રકમાં સવાર અન્ય શ્રમિકોની જેમ પોતાના ઘરે જઈને પેતાના પરિવારના સભ્યો સાથે રહેવાના

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- દેશના ૬ એરપોર્ટનું ખાનગીકરણ કરાશે.
- મ્યાનમાર સેનાએ રાજેન ડાયમારી સહિત ૨૨ વિદ્રોહીઓ ભારતને સોંપ્યા
- મહારાષ્ટ્રમાં કોરોનાનો કહેર, વાનખેડે સ્ટેડિયમમાં બનશે કોરોન્ટાઈન સેન્ટર
- કોરોના પર લગામ લગાવવામાં નિષ્ફળ રહેતા બ્રાઝિલ સ્વાસ્થ્ય મંત્રીએ રાજીનામું આપ્યુ.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો


| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૯૧૦૦ |
| ગુજરાત | ૧૦૯૮૯ |
| તામીલનાડુ | ૧૦૫૮૫ |
| દિલ્હી | ૯૩૩૩ |
| રાજસ્થાન | ૪૯૨૪ |

# ભારત-યુએસની મિત્રતા વધુ મજબૂત હોવી જોઈએ : મોદી

**વડાપ્રધાન મોદીએ ટ્રમ્પનો આભાર માન્યો : રાષ્ટ્રોને સાથે મળીને કામ કરવા અને વિશ્વને સ્વસ્થ અને કોવિડ-૧૯થી મુક્ત બનાવવા માટે કરવું જરૂરી છે : મોદી**

નવી દિલ્હી, તા. ૧૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તેમની ટિપ્પણી બદલ આભાર માન્યો જેમાં તેમણે ભારતને 'સારા મિત્ર' ગણાવ્યા હતા. ટ્રમ્પે કહ્યું કે યુ.એસ. ભારતને કોરોના વાયરસ સામે લડવામાં મદદ માટે મોટી સંખ્યામાં વેન્ટિલેટર આપશે. મોદીએ પોતાના ટ્વિટમાં કહ્યું,



File Photo

'રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભાર. આપણે બધાં આ મહામારી સામે સામુહિક રીતે લડી રહ્યા છીએ.' તેમણે કહ્યું કે આવા સમયે રાષ્ટ્રોને સાથે મળીને કામ કરવા અને વિશ્વને સ્વસ્થ અને કોવિડ -૧૯ થી મુક્ત બનાવવા માટે શક્ય તેટલું કામ કરવું જરૂરી છે. વડા પ્રધાને કહ્યું કે ભારત અને અમેરિકા

● અનુસંધાન પાન-૭ પર

# દુનિયાભરમાં કોરોના કેસોની સંખ્યા ૪૬ લાખ કરતા વધુ

**વિશ્વમાં કુલ મોતનો આંકડો ૩૦૮૯૮૬ પર પહોંચ્યો : રિકવર થયેલાની સંખ્યા વધી ૧૭૭૦૯૯૩ : એક્ટિવ કેસો વધ્યા**

નવી દિલ્હી,તા.૧૬

દુનિયાભરમાં તમામ દેશો કોરોનાના આતંકથી ત્રાહિમામ પોકારી ચુક્યા છે. અનેક પગલાઓ તંત્ર દ્વારા લેવાયા હોવા છતાં કોઈ સફળતા હાથ લાગી રહી છે. દુનિયાના ૨૧૦ દેશોના લોકો આને લઈને ચિંતિત દેખાઈ રહ્યા છે. દુનિયામાં કોરોના વાયરસના કેસોની સંખ્યા સતત વધી રહી છે. દુનિયાભરમાં હવે આ આકંડો હવે ૪૬૪૮૧૩૭ સુધી પહોંચી ચુક્યો છે. એટલે કે આંકડો હવે ૪૬ લાખથી પણ ઉપર થઈ ગયો છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૭૭૦૯૯૩ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા પણ વધીને ૨૫૬૮૧૫૮ પર પહોંચી ચુકી છે. દુનિયામાં મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે અને આ આંકડો ૩ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. મોતનો આંકડો વધીને ૩૦૮૯૮૬ ઉપર પહોંચી રહ્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૦૫૪ પર પહોંચી ચુકી છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. સાથે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૯૩૬ રહેલી છે જે ગંભીર સ્થિતીનો સંકેત આપે છે.

# દેશમાં ૨૪ કલાકમાં નવા ૩૯૭૦ પોઝિટિવ કેસ : ૧૦૩ના મોત

**સંક્રમિતોનો આંકડો ૮૫૪૯૦ને પાર : કુલ મૃત્યુઆંક ૨૭૫૨એ પહોંચ્યો : ભારતમાં ૩૦ હજાર લોકો સંક્રમણમુક્ત : ૧૧મો સૌથી પ્રભાવિત દેશ, ૮૫ હજારના આંકડા સાથે ચીન કરતા પણ આગળ**

ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં કોરોના વાયરસના સંક્રમીત મામલામાં ભારતે ચીનને પાછળ છોડી દીધું છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા પ્રમાણે ભારતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન



દેશમાં કોરોનાના નવા ૩૯૭૦ કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસથી સંક્રમીત લોકોનો આંકડો વધીને ૮૫૯૪૦ સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના સંક્રમણને કારણે ૧૦૩ લોકો મોતને ભેટ્યા છે. તેની સાથે જ કુલ મૃત્યુઆંક ૨૭૫૨એ પહોંચ્યો છે. જ્યારે ૨૨૩૩ લોકો કોરોના વાયરસ સામેની જંગમાં સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે. કોરોના સંક્રમિતોની સંખ્યા મામલે ભારત હવે ચીનથી આગળ નીકળી ગયું છે અને વિશ્વમાં ૧૧માં નંબર પર પહોંચ્યું છે.

૮૫૯૪૦ કોરોના વાયરસના કેસ સાથે ભારત દુનિયામાં સૌથી વધારે કોરોના વાયરસના કેસ ધરાવતા દેશોની યાદીમાં ચીનને પછાડીને આગળ નિકળી ગયો છે. ચીન તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે ત્યાં ૮૨૯૨૯ કેસ નોંધાયા હતા તેમજ ૪૬૩૩ લોકોના મોતને ભેટ્યા હતા. જોકે, ચીનમાં અત્યાર સુધીમાં ૭૮૦૦૦થી વધુ લોકો સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. હવે ચીનમાં ૧૦૦ કરતા ઓછા એક્ટિવ કેસ છે. જ્યારે ભારત કોરોના વાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૫૩૦૩૫ સુધી પહોંચી ગઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ ૮૫૯૪૦ કેસ નોંધાયા છે જેમાંથી ૩૦૧૫૩ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે.

# દેશમાં અમ્ફાન વાવાઝોડાનું સંકટ

**આઠ રાજ્યોને એલર્ટ કરાયા : બંગાળની ખાડીમાં વાવાઝોડાની સિસ્ટમ સક્રિય**

ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં એક તરફ કોરોનાનો કાળો કેર છે ત્યારે હવે દેશમાં વધુ એક સંકટ ઉભું થયું છે. દેશમાં અમ્ફાન નામના વાવાઝોડાની દહેશત સર્જાઇ છે. બંગાળની ખાડીમાં વાવાઝોડાની સિસ્ટમ સક્રિય થઈ છે. સાવચેતીના ભાગરૂપે ઓરિસ્સાના ચિફ સેક્રેટરીએ હાઈ લેવલની બેઠક બોલાવી હતી. જેમા બંગાળની ખાડીમાં આવનાર વાવાઝાડાને લઈને ચર્ચા કરાઈ હતી. આ વાવાઝોડાનું નામ અમ્ફાન રખાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વાવાઝોડું વિકસિત થયું

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૪૬૭૩૬૫૭ | ૩૧૦૧૧૮ | ૧૭૮૯૪૧૯ |
| ભારત | ૮૮૫૦૬ | ૨૭૯૦ | ૩૩૧૩૧ |
| ગુજરાત | ૧૦૯૮૯ | ૬૨૫ | ૪૩૦૮ |
| ગાંધીનગર | ૧૬૩ | ૦૬ | ૬૩ |

